જેનામાં શાંતિનો નિવાસ
નથી તેના બધા જ સદ્‌ગુણો
વ્યર્થ છે
- અરબી કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૯૩ | ૨૩ સપ્ટેમ્બર, ૨૦૧૩, સોમવાર; ભાદરવા વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ગાંધીનગરમાં પુનઃ વરસાદી માહોલ

## બે કલાકમાં ૨૦ મી.મી. વરસાદ : વરસાદી વાતાવરણના કારણે કાળઝાળ ગરમીથી મુક્તિ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરમાં ગઈકાલથી પુનઃ વરસાદી માહોલ છવાયો છે. ગઈકાલે સાંજે તોફાની પવન સાથે વરસાદ પડ્યો હતો તો આજે બપોરે પણ જોરદાર વરસાદી ઝાપટુ પડતા ગરમીથી છુટકારો મળ્યો છે. વરસાદની નવી ઈનિંગ દરમ્યાન ૨૬ મી.મી. વરસાદ નોંધાયો છે.

છેલ્લા ઘણા દિવસોથી પડી રહેલી ભાદરવાની આકરી ગરમીથી વસાહતીઓને ગઈકાલે સાંજથી એકાએક જ છુટકારો મળી ગયો હતો. આખો દિવસ ભારે ગરમી પડ્યા બાદ મોડી સાંજે ભારે પવન ફુંકાવવો શરૂ થયો હતો અને સાથે જ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાઈ આવ્યા હતા. તે પછી જોરદાર વરસાદ શરૂ થઈ ગયો હતો. મોડી રાત સુધી ધીમીધારે વરસાદ પડતો રહ્યો હતો. આજે સવારે પણ તડકી છાંયડી વચ્ચે ધીમો ધીમો વરસાદ પડ્યા કરતો હતો. બપોર બાદ પુનઃ આકાશમાં કાળા વાદળો ઘેરાઈ આવ્યા હતા અને ધોધમાર વરસાદ પડ્યો હતો. જો કે થોડાક સમય બાદ વરસાદ બંધ થઈ ગયો હતો. પરંતુ આકાશ તો વાદળોથી ઘેરાયેલુ જ રહ્યુ હતુ. જોરદાર વરસાદના કારણે ઘણા સ્થળોએ પાણી ભરાઈ ગયા હતા. માર્ગો પર પણ કેટલાક સ્થળોએ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. છેલ્લા કેટલાય દિવસોથી પડી રહેલી અકળાવનારી ગરમીથી આ વરસાદી ઝાપટાએ ખુબ રાહત આપી છે. જો કે વરસાદ બંધ થતા બફારો ખુબ થતો હોવાનું અનુભવાયું હતું. વરસાદના કારણે મહત્તમ તાપમાનમાં ખાસ્સો એવો ઘટાડો થયો છે. ૩૭-૩૮ ડિગ્રીએ નોંધાતા તાપમાનનો પારો આજે ૩૨.૫ ડિ.સે. સુધી ગગડી ગયો હતો. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૯૨ ટકા અને સાંજે ૯૬ ટકા રહ્યું હતું. જ્યારે વરસાદ ગઈરાત્રે ૬ મી.મી. અને આજે ૨૦ મી.મી. નોંધાતા એક ઈંચ જેટલો વરસાદ છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયો છે.





(તસવીર : કશ્યપ નિમાવત)

## સમયસર વરસાદથી ખેડૂતોમાં ખુશાલીનો માહોલ

### જિલ્લાની ખેતીને સમયસરના વરસાદથી નવજીવન પ્રાપ્ત થયું

ગાંધીનગર, તા.૨૨

ગઈકાલ રાતથી બદલાયેલા વાતાવરણ પછી જામેલા વરસાદી માહોલથી ખેડૂતોમાં ખુશીની લહેર જોવા મળી રહીય છે. આજે થયેલા વરસાદને કાચાસોના જેવો વરસાદ લેખાવતાં ખેડૂતોએ જણાવ્યું હતું કે, સમયસરના આ વરસાને પગલે ખેતીને સારો એવો ફાયદો થશે.

જિલ્લાના ત્રણ તાલુકાઓમાં વરસાદના હળવાથી ભારે વરસાદના ઝાપટા નોંધાયા છે. કલોલ અને ગાંધીનગરમાં એક ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જ્યારે દહેગામમાં ૧૨ મી.મી. જેટલો વરસાદ નોંધાયો છે. વરસાદના સમયસર આગમનને કારણે ખેતૂને સારો એવો ફાયદો થયો છે. આ વરસાદને પગલે કપાસ, દિવેલા અને શાકભાજીના પાકોને નવું જીવતદાન મળી ગયું છે.

૧૫ દિવસ કરતાં પણ વધુ સમયના વિરામ બાદ થયેલા આ વરસાદને કારણે ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે.

ખેડૂતો દ્વારા ખેતરોમાં નિંદામણ સહિતની કામગીરી સંપન્ન થઈ ગઈ હતી અને પિયતની જરૂરિયાત જણાતી હતી ત્યાં જ આવેલા આ વરસાદને કારણે ખેડૂતો આનંદવિભોર બની ચુક્યા છે. આ વરસાદને કારણે ખેડૂતોને પિયતની ચિંતા પણ ટળી જવા પામી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ભારે પવનથી મંડપ ઉડી ગયો

ગાંધીનગર, તા. ૨૨

શ્રાધ્ધ નિમિત્તે જુનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા એક કાર્યક્રમનું આયોજન સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં કરવામાં આવ્યું હતું. બપોરે ભારે પવન સાથે વરસાદ પડતા મંડપ ઉડી ગયો હતો. રવિવારે બપોરે આકાશમાં ઘેરાઈ આવેલા કાળા વાદળોએ અડધા કલાક સુધી ભારે તાંડવ મચાવ્યો હતો. પવન સાથે જોરદાર વરસાદ પડ્યો હતો. શ્રાધ્ધ નિમિત્તે જુસિકા દ્વારા સિવિલ હોસ્પિટલના કમ્પાઉન્ડમાં સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું અને જમણવાર પણ યોજાયો હતો. જો કે ભારે વરસાદના કારણે મંડપ ઉડી ગયો હતો અને તેને નુકશાન થયું હતું. તે પછી કાર્યક્રમને સિવિલના બિલ્ડીંગમાં પુર્ણ કરાયો હતો.



અમદાવાદના મોટેરા સ્ટેડિયમ ઉપર સોમવારે મુંબઈ ઈન્ડિયન્સ અને ઓટેગો વચ્ચે જંગ ખેલાનાર છે. મુંબઈ તરફથી તમામ સ્ટાર ખેલાડિઓ રમનાર છે.

ટચુકડી જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## ધી ગુડ રોડની ઓસ્કાર એવોર્ડઝ માટે ભારતનું પ્રતિનિધિત્વ કરવા માટે પસંદગીને મુખ્યમંત્રી બિરદાવે છે

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતી ચલચિત્ર 'ધી ગુડ રોડ'ની ઓસ્કાર એવોર્ડઝ માટે ભારતનું પ્રતિનિધિત્વ કરવાની થયેલી પસંદગી અંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના ટ્વીટરના માધ્યમથી અભિનંદન પાઠવીને ગુજરાતનું ગૌરવ વિશ્વસ્તરે ઓસ્કાર એવોર્ડઝ માટેની પસંદગીમાં આ ફિલ્મ દ્વારા વધારનાર ફિલ્મના સૌ કલાકાર કસબીઓને શુભેચ્છાઓ પણ પાઠવી છે.

## રાજ્યભરમાં પાછોતરો વરસાદ હજુ ૩૬ કલાક વરસાદની આગાહી

અમદાવાદ,તા. ૨૨

ગુજરાત ઉપર ફરી એકવાર મોનસુન જોરદાર રીતે સક્રીય થઈ ગયું છે. મોનસુન સીઝન જામતા અમદાવાદ સહિત રાજ્યના ઘણા વિસ્તારોમાં ફરી એકવાર વરસાદ થયો છે. બીજી બાજુ હવામાન વિભાગે આગાહી કરતા જણાવ્યું છે કે, ગુજરાતના જુદા-જુદા વિસ્તારો દમણ, દાદરાનગર હવેલીમાં આગામી ૩૬ કલાક દરમિયાન અતિ ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. વરસાદી માહોલ યથાવત રીતે જામેલો રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. અમદાવાદ શહેર માટે પણ વરસાદી ઝાપટા પડવાની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદ શહેરમાં સાંજે વરસાદ ટુટી પડ્યો હતો. જેથી ફરી એકવાર મોનસુનની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. અમદાવાદમાં આજે લઘુત્તમ તાપમાન ૨૫.૧ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદ, વડોદરા, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગરમાં વરસાદી ઝાપટા પડ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. અમદાવાદ શહેરમાં છેલ્લા બે-ત્રણ દિવસથી વરસાદી માહોલ જામ્યો છે જેથી તાપમાનમાં ઘટાડો થયો છે. આજે સવારથી સાંજ સુધી શહેરમાં ઘણી જગ્યાઓએ વરસાદ પડ્યો હતો. રજાનો માહોલ હોવાથી લોકો વરસાદમાં પલડવા માટે નિકળી પડ્યા હતા. અમદાવાદ શહેરમાં સવારે પણ વરસાદી ઝાપટા પડ્યા હતા. રીવરફ્રન્ટ સહિત કાંકરીયા સહિતના વિસ્તારોમાં લોકોની ભીડ જામી હતી. હવામાન ખાતાએ કરેલી આગાહી મુજબ એવુ જાણવા મળ્યુ છે કે, વરસાદી માહોલ અકંબધ રહેશે. પાટનગર ગાંધીનગરમાં આજે લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી રહેશે. તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે. વડોદરામાં મહત્તમ તાપમાન ૨૬.૯ ડિગ્રી, સુરતમાં ૨૭.૮ ડિગ્રી તાપમાન રહ્યું હતું.

## કુડાસણના નવા મતદારો માટે બી.એલ.ઓ.ને અહેવાલ સાથે અરજીઓ મોકલવા જણાવતા ઝુત્સી

### સે. ૮ ના ૩ બુથોની પણ ચકાસણી કરી : આજે નાયબ ચૂંટણી કમિશ્નર ઝુત્સી વિડીયો કોન્ફરન્સ સંબોધશે

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર (દ) બેઠક પરના કુડાસણ ગામના બુથોમાં મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન મળેલ નવા નામ દાખલ કરવા અંગેની અરજીઓ બાબતે બી.એલ.ઓ.ને વિગતવાર અહેવાલ સાથે અરજીપત્રકો રજુ કરવા માટે આજે ચૂંટણી પંચના નાયબ મ્યુનિ. કમિશ્નરશ્રી વિનોદ ઝુત્સીએ આજે આદેશ આપ્યા છે.

ગાંધીનગર જિલ્લાના પ્રવાસે આવેલા નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી વિનોદ ઝુત્સીએ કુડાસણ ઉપરાંત ગાંધીનગર (ઉ)ના સે. ૮ના ૩ બુથ મળી કુલ સાત જેટલા બુથો ચકાસ્યા હતા.



વરસાદ ચાલુ હોવા છતાં શ્રી ઝુત્સીએ આ કામગીરીની બહુ ઝીણવટભરી સમીક્ષા કરી હતી. આજે બપોરે ૨.૩૦ કલાકે તેઓ મોટર માર્ગે કુડાસણ આવી પહોંચ્યા હતા અને એક કલાક જેટલા રોકાણ દરમ્યાન તેમણે ગામના ચારેય બુથોની ચકાસણી કરી હતી.

કુડાસણી આસપાસ વિકસી રહેલ ખાનગી વસાહતોમાંથી આ ઝુંબેશ દરમ્યાન ૨૧ વર્ષથી વધુ વયની આયુ ધરાવતા મતદારોની અરજીઓ વધુ મળી હોવાથી નાયબ ચૂંટણી કમિશ્નરશ્રીએ તુરત જ આવા કિસ્સાઓમાં તેમની તપાસ કરવા જણાવ્યુ હતુ કે તેમણે હજુ સુધી નામ કેમ નોંધાવ્યા નથી. ડુપ્લીકેટ અરજીઓ તો કરી નથી જેવી વિવિધ બાબતો અંગે બી.એલ.ઓ.એ તપાસ કરી અને ચૂંટણી અધિકારીને તેમનો અહેવાલ આપવો. ચૂંટણી અધિકારીશ્રીને પણ અહેવાલ ચકાસી અને નિર્ણય કરવા તેમણે જણાવ્યું હતું.

શ્રી ઝુત્સીએ કુડાસણના તમામ બુથો પર કેટલા મતદારો છે ? જેન્ડર રેસિયો શું છે ? નવા મતદારોની સંખ્યા કેટલી ? જેવી વિવિધ બાબતોને લઈ પૃચ્છા કરી હતી. નવા મતદારો કેટલા સમયથી અહિ રહેવા આવ્યા છે ? તેવા સવાલો પણ તેમણે પુછ્યા હતા તેમજ મતદારો અને મતદાન બુથ વચ્ચેનું અંતર કેટલુ થાય છે જેવા સવાલો પુછી ભૌગોલિક જાણકારી પણ મેળવી હતી.

શ્રી ઝુત્સી આ પછી ગાંધીનગર ઉત્તરની બેઠક પર સે. ૮ના ૩ બુથોની ચકાસણી માટે આવ્યા હતા. ત્યાં પણ તેમણે બી.એલ.ઓ. અને ઉપસ્થિત અધિકારીઓ પાસેથી વિવિધ વિગતોની જાણકારી મેળવી હતી. આ પછી તેઓ સાબરકાંઠા જિલ્લાના પ્રવાસે જવા રવાના થયા હતા.

● અનુસંધાન પાન-૭ પર




